By Mail

ક્રમાંક : આઇ.ટી./Internet/૨૦૧૯/૩૬૮-૪૨૦
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં- ૯, ડૉ .જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા.૭ /૦૩/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ

વિષય : રાજ્યની સરકારી અને સરકાર અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અમર્યાદિત ઇન્ટરનેટની સુવિધા આપવા બાબત

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યની સરકારી અને અનુદાનિત ૪૧૮૩ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઈન્ટરનેટની સુવિધા પુરી પાડવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી આપના જિલ્લાની શાળાઓની યાદી આ સાથે સામેલ છે. આપના જિલ્લાની સમાવિષ્ટ તમામ શાળાઓના આચાર્યના નામ, મોબાઇલ નં. અને E-Mail IDની વિગત આપના જિલ્લાના નોડલ અધિકારી પાસે ઉપલબ્ધ રાખવી અને તેની એક નકલ આ કચેરીને તા.૧૫.૦૩.૨૦૧૯ સુધીમાં MS EXCEL માં Times New Roman fonts માં E-Mail થી મોકલી આપશો.

સદર મંજૂર થયેલ શાળાઓમાં Unlimited Internetની સુવિધા પુરી પાડવા માટે અત્રેની કચેરી માટે GIL દ્વારા ટેન્ડર પ્રસિધ્ધ કરી M/s. Bharat Sanchar Nigam Ltd.ના ભાવ માન્ય રાખવામાં આવેલ છે. M/s. Bharat Sanchar Nigam Ltd. ને અત્રેથી યોજનાના અમલિકરણ માટેના આદેશ આપવામાં આવેલ છે.

સદર યોજનાના સમયસર અમલિકરણ, એજન્સીને જરુરી માર્ગદર્શન અને અત્રેની કચેરીને યોજનાના અમલિકરણની પ્રગતિની વિગતો નિયમિત મળતી રહે તે માટે આપની કચેરીના એક શિક્ષણ નિરીક્ષકનો નોડલ અધિકારી તરીકે આદેશ કરી તેની નકલં નીચે જણાવેલ વિગતો સહિત આ કચેરીને તા.૧૧/૦૩/૨૦૧૯ પહેલા બિનચુક પહોંચાડશો. જેથી યોજનાના અમલિકરણ સંબધિત વિગતવાર માહિતી તેઓને પહોંચાડી શકાય.

| Name of Officer | Designation | Mobile No. | E-Mail ID |
|---|---|---|---|
| | | | |

સદર યોજના માટે GIL દ્વારા પ્રસિધ્ધ કરાયેલ ટેન્ડરના Scope of Work (Annexure – B), List of Taluka Locations (Zone wise) to be given priority (Annexure – D) અને Copy of Service Level Agreement આ સાથે સામેલ છે.

વધુમાં જણાવવાનું કે, રાજયની સરકારી અને બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અમર્યાદિત ઇન્ટરનેટ સેવા પુરી પાડવાની યોજના અને ICT@Schools projectના અમલીકરણ (જે જિલ્લાને લાગુ પડે છે તેઓએ) માટે શકય બને ત્યાં સુધી એક જ શિક્ષણ નિરીક્ષકનો નોડલ અધિકારી તરીકે આદેશ કરવાનું રાખશો.

નોંધ પર માનનિય નિયામકશ્રીની મંજૂરી મુજબ,

આપનો વિશ્વાસું,
(સહી)
સંયુક્ત નિયામક (૧૦+૨)
કમિશનર શાળાઓની કચેરી,
ગાંધીનગર

બિડાણ:- ઉપર મુજબ

Scanned by CamScanner